# અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગના ટી.આઈ.ઈ.સી.ઓ.નો નિવૃત્તિ સમારોહ યોજાયો

## પરિવાર સાથે પાંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ કરી નિવૃત્તિને યાદગાર બનાવી





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

તાલુકા હેલ્થ કચેરી-મોડાસાના ટી.આઈ.ઈ.સી.ઓ., ઈન્ચાર્જ ડી.આઈ.ઈ.સી.ઓ., અરવલ્લી જિલ્લા પંચાયત મોડાસાના આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા દિનેશભાઈ બી. પરમાર(બાયડ) વયમર્યાદાના કારણે નિવૃત્ત થતાં જિલ્લા કક્ષાએ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.આર.જી.શ્રીમાળીની અધ્યક્ષતામાં તેમનો વિદાય સમારંભ યોજાઈ ગયો. દાયકાઓ સુધી પ્રમાણિકપણે ફરજ બજાવનારા નિવૃત્ત આરોગ્ય અધિકારીની કામગીરી અને તમામ કર્મચારીઓને સાથે લઈને કામ કરવાની કુનેહને ઉપસ્થિતોએ બિરદાવી હતી. તેમનું નિવૃત્તિમય જીવન સુખમય અને લોકકલ્યાણના કામોમાં ઉપયોગી બને તેવી તેમના સાથીદાર આરોગ્યકર્મીઓ અને અધિકારીઓએ શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારબાદ બીજા દિવસે બાયડના ગાયત્રી શક્તિપીઠ ખાતે સહપરિવાર પાંચકુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પરમાર પરિવારે સમગ્ર વિશ્વ ઉપર આવેલી કોરોના મહામારી સંપૂર્ણ અંકુશમાં આવે, પ્રજાનું આરોગ્ય સુખમય બને અને વિશ્વમાં શાંતિ સ્થપાયેલી રહે તેવી માઁ ગાયત્રી સમક્ષ પ્રાર્થના કરી હતી. નિવૃત્તિને યાદગાર બનાવતા ગાયત્રી યજ્ઞ સમયે સમગ્ર પરિવાર અને ગાયત્રી પરિજનો ભાવુક બન્યા હતા. વયનિવૃત્ત થયેલા આરોગ્ય અધિકારી દિનેશભાઈ પરમારે પોતાનું શેષમય જીવન પરમ પૂજ્ય શ્રીરામશર્મા આચાર્યના કામ માટે સમયદાનના રૂપમાં આપવાની ઈચ્છા પ્રગટ કરી હતી.

# ગ્રામ પંચાયતના ભૂમિપૂજન : આકરૂન્દ ગ્રામ પંચાયતના ભૂમિપૂજનમાં કોંગ્રેસના ધારાસભ્યની હાજરીએ સૌને ચોંકાવ્યા

## ઉપસ્થિત રહી ભૂમિપૂજનમાં ભાગ લીધો : રાજકીય સુનામીની સંભાવના વધી




બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

રવિવારે ગુજરાતમાં વિજયભાઈ રૂપાણીની સરકારને ૫ વર્ષ નિમિત્તે વિવિધ કાર્યક્રમોના આયોજન થયા હતા. ધનસુરા તાલુકાની આકરૂન્દ ગ્રામ પંચાયતનું ભૂમિપૂજન વર્ચ્યુઅલ માધ્યમથી યોજાયું જેમાં ભૂમિપૂજનમાં કોંગ્રેસના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરની હાજરીએ સૌને ચોંકાવી દીધા છે. ભાજપના તાલુકા પંચાયતના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં કોંગ્રેસના ધારાસભ્યએ ભૂમિપૂજન કરતાં આવનારા દિવસોમાં અરવલ્લી જિલ્લામાં રાજકીય સુનામીની સંભાવના વધી ગઈ છે.

છેલ્લા કેટલાક સમયથી આકરૂન્દ પંથકમાં ઘડાયેલા પ્લાનમાં કેટલાકને ઉખેડી ફેંકવાના પ્રયાસ થયા પરંતુ તે તમામ નાકામીયાબ નિવડ્યા છે. આવનારા દિવસોમાં અનેકને હાથનાં કર્યા હૈયે વાગે તેવી સ્થિતિ નિર્માણ પામી શકે છે. આ સંજોગોમાં ગ્રામ પંચાયતના જર્જરીત મકાન હોવાથી નવું મકાન બનાવવા માટેની દરખાસ્ત આકરૂન્દ ગ્રામ પંચાયતના વર્તમાન સરપંચ-ઉપસરપંચ દ્વારા કરવામાં આવી હતી તે રાજ્ય સરકારના વિભાગ દાયકાઓ પછી સુવિધાયુક્ત નવું પંચાયત ઘર ગામને પ્રાપ્ત થઈ શકે છે. અનેક પ્રકારની હેરાનગતિ છતાં માસી-ભાણીયાની સરપંચ-ઉપસરપંચની જોડીએ વિચલિત થયા વગર ગામના વિકાસને અગ્રતાક્રમ વગર વિકાસના કામોની જ્યોત પ્રજ્વલિત રાખી છે. ત્યારે રવિવારે આકરૂન્દ ગ્રામ પંચાયતના નવીન પંચાયત ઘરના ભૂમિપૂજનમાં કોંગ્રેસના ધારાસભ્ય હાજર રહેતાં અનેકના પેટમાં તેલ રેડાયું છે. અનેકની ઉંઘ હરામ થઈ ગઈ છે તો કેટલાક ચતુર લોકો ધારાસભ્યએ ભાજપ-કોંગ્રેસની પળોજણમાં પડ્યા વગર મારા મત વિસ્તારમાં વિકાસ થતો હોય તો હું કેમ હાજર ન રહ્યુ..તેવા હકારાત્મક અભિગમથી ઉપસ્થિત રહ્યાની પણ ચર્ચા છે. આકરૂન્દ ગ્રામ પંચાયતના નવીન મકાનના ઈ-ભૂમિપૂજન કાર્યક્રમમાં ધારાસભ્ય ઉપરાંત જિલ્લા પંચાયત સદસ્ય કાળીબેન રબારી, તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ રૂપલબેન બ્રહ્મભટ્ટ, દંડક વિણાબેન પટેલ, તાલુકા વિકાસ અધિકારી રાકેશભાઈ પટેલ, જિલ્લા ભાજપ સંગઠન મહામંત્રી નરેન્દ્રભાઈ એલ. પટેલ, દોલતસિંહ સોલંકી, આકરૂન્દ ગ્રામ પંચાયત સરપંચ લલીતાબેન એમ. પટેલ, ઉપસરપંચ દિનેશભાઈ એચ. પટેલ, સામાજીક ન્યાય સમિતિ અધ્યક્ષ રમણભાઈ ગોહીલ, આકરૂન્દ ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી એ.યુ.પંડ્યા સહિત આકરૂન્દના અગ્રણી નાગરિકો અને વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી જિલ્લાનો ૨ લાખથી વધુ જૂનાં વાહનો ભંગારમાં ફેરવાય તેવી વકી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

સરકાર નવી સ્ક્રેપ પોલીસી બનાવવા જઈ રહી છે. ત્યારે જો પોલીસીનો અમલ થાય તો સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૨ લાખથી વધુ ૧૫ વર્ષ જૂનાં વાહનો ભંગારમાં ફેરવાઈ શકે છે. તા.૧૩ ઑગષ્ટે યોજાનારી નવી સ્ક્રેપ પોલીસી અંગેની બેઠક ઉપર જૂના વાહન માલિકો અને કબાડીઓની નજર ટેકવાઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કેન્દ્ર સરકારે સ્ક્રેપ પોલીસી લાગુ કરવાનું મન બનાવ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા નિર્ણય લેવાય એટલે ગુજરાત સરકાર પણ તેનો અમલ કરી શકશે પરંતુ તેમાં કેટલાક સુધારા-વધારાને અવકાશ રહેલો છે. નિયમ પ્રમાણ વર્ષ-૨૦૦૫ પહેલાંના વાહનો સ્ક્રેપ કરવામાં આવશે એટલે કે ૧૫ વર્ષ જૂનાં વાહનો માટે આ પોલીસી લાગુ પડશે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ટુ-વ્હીલર અને ફોર વ્હીલર સેંકડો વાહનો ૧૫ વર્ષ કરતાં પણ વધુ જુનાં છે. કેટલાંક વાહનો તો ૩૦ થી ૪૦ વર્ષ જૂનાં હશે અને આવાં વાહનો માર્ગ ઉપર દોડે એટલે સાક્ષાત મોત દોડતું હોય તેવું પણ કેટલીકવાર જોવા મળ્યું છે. સરકારે આવાં જોખમી વાહનો રસ્તા ઉપરથી દૂર કરવાનો નિર્ણય લીધો છે અને તે માટે નવી સ્ક્રેપ પોલીસીનો સૂચારૂ અમલ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. નવી સ્ક્રેપ પોલીસીમાં જૂનાં વાહનોનું દર વર્ષે રજીસ્ટ્રેશન અને રી-રજીસ્ટ્રેશન ઉપર અનેક ગણો ટેક્ષ લાવવાનું વિચારણાધીન છે. જૂનાં વાહનો સ્ક્રેપ થવાથી પ્રદૂષણમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે તેવું કારણ પણ આગળ ધરવામાં આવ્યું છે. અનેક ગરીબ પરિવારો જૂનાં વાહનો ઉપર પોતાના ઘરનું ગુજરાન ચલાવે છે અને તેમનાં જૂનાં વાહનો નવી પોલીસી હેઠળ ભંગારમાં ધકેલવામાં આવે તો આવા પરિવારો જીવન નિર્વાહ કેવી રીતે કરે તેવા અનેક સવાલો આવનારા દિવસોમાં ફુંફાળા મારી શકે છે.

**નવી સ્ક્રેપ પોલીસી માટે મળનારી બેઠક ઉપર જૂના વાહન માલિકો-કબાડીઓની નજર**

# ડેમાઈના કારચાલકે ફાસ્ટ ટેગ લીધા પછી એક્ટીવ કરવામાં ધાંધિયા

## એચ.ડી.એફ.સી.નો વિભાગ ફરિયાદ સાંભળવા તૈયાર નથી, ગ્રાહક સુરક્ષામાં ઢસડી જવાની તૈયારી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

ટોલનાકા ઉપરથી પસાર થવા માટે ફાસ્ટટેગ લગાવ માટે સૂચનાઓ કર્યા પછી અનેક જાગ્રત વાહન ચાલકોએ ઓનલાઈન ફાસ્ટટેગ મેળવીને વાહનના કાચ ઉપર લગાવ્યા છે. બાયડ તાલુકાના ડેમાઈના વાહન માલિક પ્રજ્ઞેશ એન. પટેલને રૂ.૮૦૦ના બેલેન્સ સાથે ખરીદેલું એચ.ડી.એફ.સી. બેન્ક કપડવંજની બ્રાન્ચનું ફાસ્ટટેગ આજદિન સુધી એક્ટિવ ન થતાં વારંવારની ફરિયાદો કરી ત્રાસ્યા છે છેવટે સમગ્ર મામલાને ગ્રાહક સુરક્ષામાં ઢસડી જવાની તૈયારી શરૂ કરી છે.




પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ તાલુકાના ડેમાઈ ગામના વાહન માલિક પ્રજ્ઞેશ પટેલે તેમની કાર(નં.જી.જે.૩૧-એ-૧૪૧૫) માટે રૂ.૮૦૦ ભરીને એચ.ડી.એફ.સી. બેન્ક મારફતે ફાસ્ટટેગ લીધું હતું. ફાસ્ટટેગ નં.૫૦૬૭૪૫૪૮ થી સ્ટીકર વાહન ઉપર લગાવ્યું પરંતુ ટોલનાકા નજીક વાહન પહોંચ્યું એટલે ફરજ પરના કર્મીએ તમારૂ ફાસ્ટટેગ એક્ટિવ થયેલ નથી તેમ જણાવતાં તેઓ ચોંકી ગયા અને તેમને ટોલનાકા ઉપર ડબલ ટેક્ષ ભરીને વાહન નિકાળવાની ફરજ પડી. પોતાને ફાળવવામાં આવેલું ફાસ્ટટેગ એક્ટિવ ન હોવાથી તેઓએ બેન્કના ટોલ ફ્રી નંબર ઉપર ફરિયાદ કરવાનો પ્રયાસ કર્યો. વારંવાર માણસો બદલાઈ જાય છે અને ફરિયાદનું યોગ્ય નિરાકરણ આવતું નથી જેથી થાકેલા વાહન માલિક દ્વારા એચ.ડી.એફ.સી. બેન્કને આ મુદ્દે ગ્રાહક સુરક્ષામાં ઢસડી જવાની તૈયારીઓ શરૂ થઈ છે.

# મોડાસાના ઉમિયા મંદિર ખાતે પ્રવાસન મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં જ્ઞાન શક્તિ દિવસની ઉજવણી કરાઈ

## શિક્ષણ એ વિદ્યાર્થીઓ માટે તેમના આવનારા જીવનનું ઉજ્જ્વળ ભવિષ્ય છે : પ્રવાસન મંત્રી

બાયડ તા.૧

સમગ્ર રાજ્યમાં રાજ્ય સરકારના પાંચ વર્ષના ઉજવણી સંદર્ભે જુદી-જુદી જગ્યાએ આજ રોજ એટલ કે ૧લી ઓગસ્ટના દિવસે જ્ઞાન શક્તિ દિવસની ઉજવણીઓ કરાઈ. જેમાં નવસારી ખાતેથી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે રાજ્યમાં ૨૫૬ તથા ૧૦૫૦ નવા ઓરડા જેમાં અરવલ્લી જીલ્લાના સમાવેશ કરતા ૩ સ્થળે નવીન ઓરડાઓનું લોકાર્પણ કર્યુ.




જે અંતર્ગત અરવલ્લી જીલ્લાના મોડાસાનાં ઉમિયા મંદિર ખાતે રાજ્ય સરકારના પાંચ વર્ષના ઉજવણીના અવસર નિમિત્તે ગુજરાત સરકારના પ્રવાસન તથા મતસ્ય ઉધોગ મંત્રીશ્રી જવાહરભાઈ ચાવડાની ઉપસ્થિતિમાં જ્ઞાન શક્તિ દિવસની ઉજવણી કરાઈ.

આ શુભ અવસર નિમિત્તે શિક્ષણ વિભાગની વિવિધિ યોજનાઓ જેવી કે નમો ઈ-ટેબલેટ, શોધ તથા સ્રુજીરૂ યોજના હેઠળ અરવલ્લી જીલ્લાના ૩૦ લાભાર્થીઓને ચેક વિતરણ કરાયા.

આ પ્રસંગે પ્રવાસન તથા મતસ્ય ઉધોગ મંત્રીશ્રી જવાહરભાઈ ચાવડાએ જણાવ્યું કે, આજનો દીવસ એ સરકાર માટે ખૂબ જ મહત્વનો દિવસ છે, પાંચ વર્ષના ઉજવણીના સંદર્ભે સરકારે ઘણા બધા વિકાસના કામોને પૂર્ણ કર્યા છે. આ સરકાર એ સંવેદનશીલ સરકાર છે. સરકારે શિક્ષણનું સ્તર ઊંચું લાવવા માટે અનેક પકારના પ્રયાસો હાથ ધર્યા છે. વર્તમાન સમયમાં છેલ્લા દોઢ વર્ષથી વિશ્વ આખું કોરોનાની મહામારી સામે ઝઝૂમી રહ્યું છે. ત્યારે તેવા સમયે જ્યારે સમગ્ર રાજ્યમાં બધું જ બંધ હાલતમાં હતું તેવા સમયે સરકારે ઓનલાઈન શિક્ષણ કાર્ય ચાલુ રાખ્યું હતું.આવા સમયે શિક્ષકો દ્વારા ઓનલાઈન શિક્ષણ પૂરું પાડવામાં હર હમેશ તત્પર રહ્યા છે. આવા સમયે પણ શિક્ષક દરેક બાળકની કાળજી લેતો હતો. ને ખૂબ જ સારું શિક્ષણ પૂરું પાડી ને મહત્વની ભૂમિકા ભજવી છે. શિક્ષક એક ગુરુ છે. તેમની કદર કરવી જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યું કે, સરકાર દ્વારા કોલેજો, દવાખાના, લગ્ન સહાય, વિધવા સહાય, વૃદ્ધ સહાય જેવી અનેક યોજનાઓ હેઠળ સરકાર જીવન કાળ પૂર્ણ દરમિયાન, અંતિમ વિધિ માટે આર્થિક સહાયો આપે છે. સરકારે પ્રજા માટે જન્મથી મરણ સુધીની સવલતો ઉભી કરી છે. સરકારે ૧૫૦૦ કરોડ ખર્ચ ઓરડાઓ પાછળ કર્યો છે. જયારે સરકારે ૯ યુનિવર્સિટીઓ માંથી વર્તમાન સમયમાં ૯૦ થી વધારે યુનિવર્સિટીઓ ઉભી કરી છે. સરકારની કામગીરી ઘણી-ઘણી મોટી છે. એજ્યુકેશન, ઈન્ફર્મેશન તથા નોલેજ ત્રણ શબ્દો મહત્વના છે.

તેમણે બંધારણની વાત કરતા જણાવ્યું કે, આપણા દેશની આઝાદી પછી દેશના આગેવાનોએ બંધારણ ઘડવાનું નક્કી કર્યુ.

જેના ભાગરૂપે શ્રી ડો.બાબા સાહેબ આંબેડકરને બંધારણ ઘડવા માટે નક્કી કરાયા. જેમાં આંબેડકરશ્રી એ ૬૮ દિવસમાં બંધારણની કૉપી આપી હતી. બંધારણ માટે ૨ વર્ષ જેટલો સમય લાગ્યો હતો. ૨ વર્ષ પછી એટલે કે ૨૬ નવેમ્બરે બંધારણની મંજૂરી અપાઈ. ત્યાર બાદ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦માં બંધારણનો અમલ થયો.

આ પ્રસંગે જીલ્લા અગ્રણીશ્રી રાજેન્દ્રભાઈ પટેલ તથા ભિલોડા તાલુકા પ્રમુખ શ્રીમતી તરલીકાબેન તબીયાડ એ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. આ ઉજવણી નિમિત્તે મોડાસા નગર પાલિકા પ્રમુખ શ્રીમતી જલ્પા ભાવસાર, જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીના, જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયા, અધિક નિવાસી કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડ, મોડાસા પ્રાંત અધિકારી શ્રી મયંક પટેલ, અધિકારીશ્રીઓ, આચાર્યશ્રીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોરોનાની ત્રીજી વેવ : જિલ્લાની ખાનગી હોસ્પિટલોમાં કોરોના સંક્રમિત કેસમાં ઉછાળો..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

કોરોનાએ વિદાય લીધી છે તેવું માની લેવાની ભૂલ ન કરતા. સાબરકાંઠા, અરવલ્લી આરોગ્ય તંત્રના દફતરે કોરોના અદ્રશ્ય હોવાનું ચિત્ર સામે આવ્યું છે પરંતુ ખાનગી હોસ્પિટલોમાં કોરોના સંક્રમિત કેસમાં ઉછાળો આવ્યાના અહેવાલ છે એક રીતે આ કોરોનાની ત્રીજી લહેરની શરુઆત હોવાનું મનાય છે. વૈજ્ઞાનિકોએ અગાઉથી ચેતવણી આપી છે કે નવો સુપર-મ્યુટન્ટ કોરોના સૌથી વધુ ઘાતક છે. પરંતુ હરવા..ફરવામાં મસ્ત બનેલી પ્રજાએ કોરોનાની બીક દૂર હડસેલી દેતાં તેનાં ગંભીર પરિણામો ભોગવવાની નોબત આવી શકે છે.

દુનિયામાં ફરીથી કોરોનાએ ઉથલો માર્યો છે. દેશના કેટલાક રાજ્યોમાં ફરીથી લૉકડાઉન લાગુ થઈ રહ્યું છે ત્યારે ઉત્તર ગુજરાત અને ગુજરાતમાં અનલૉક પછી સોશ્યલ ડિસ્ટન્સ અને મોટાભાગે માસ્ક પહેરવાનું ભૂલાતાં કોરોનાની ત્રીજી લહેરને કોઈ જ અટકાવી નહીં શકે તેવો છૂપો ભય ડૉક્ટરોએ અગાઉથી વ્યક્ત કર્યો હતો. અરવલ્લી જિલ્લામાં આરોગ્ય વિભાગે કોરોનાના દફતરી પોટલાને અભરાઈએ ચઢાવ્યો હોય તેમ દૈનિક કોઈ વિગતો જાહેર કરાતી નથી. સાબરકાંઠા જિલ્લામાં પાછલા ૨ દિવસથી કોરોના અંગેની જાણકારી અપાતી નથી પરંતુ સાબરકાંઠામાં એકાદ પોઝિટિવ કેસ નોંધાઈ રહ્યો છે. પરંતુ કડવી વાસ્તવિક્તા એ છે કે જિલ્લાની અનેક ખાનગી હોસ્પિટલોમાં કોરોના સંક્રમિત દર્દીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. જિલ્લામાં દર શનિ-રવિવારે પ્રવાસન સ્થળો અને અન્ય દિવસોમાં બજાર અને જાહેર સ્થળોમાં જે રીતે ભીડ એકત્ર થઈ રહી છે તેના કારણે કોરોનાની ત્રીજી લહેરને આવતાં કોઈ રોકી શકે તેમ નથી. કેટલાક લોકો અશક્તિનો અનુભવ કરી રહ્યા છે, કેટલાક લોકોએ પેટમાં ચૂક આવે છે અને ઝાડા-ઊલટી થયાની વિગતો પણ સામે આવી રહી છે. કોરોનાનાં લક્ષણો દર વખતે બદલાય છે. ઓક્સિજન લેવલ ઘટી જવું, તાવ આવવો એ એકમાત્ર કોરોના પોઝિટિવ દર્દીના લક્ષણો નથી પરંતુ અન્ય લક્ષણો પણ કોરોનાના હોઈ શકે છે. આ સંજોગોમાં જિલ્લાની પ્રજા ગાફેલ રહેશે તો બીજી લહેરની જેમ કોરોનાની ત્રીજી લહેર હાહાકાર મચાવી શકે છે.

# મહેસાણા જિલ્લા કક્ષાનો ખેરવા ગણપત યુનિ ખાતે જ્ઞાનશક્તિ દિવસનો કાર્યક્રમ સંપન્ન



મહેસાણા, તા. ૦૧

સફળતા અને કુશળતા થકી સુશાસનના પાંચ વર્ષમાં સરકારે જ્ઞાન શક્તિ થકી શિક્ષણનો વ્યાપ વધાર્યો છે તેમ વિધાનસભાના અધ્યક્ષ રાજેન્ર્જભાઇ ત્રિવેદીએ જણાવ્યું હતું. તેમેણે ઉમેર્યુ હતું કે તમસો મા જ્યોતિર્ગમયના ધ્યેય સાથે આપણું રાષ્ટ્ર જ્ઞાન પીપાસું રહ્યું છે તેમ જણાવી ભારત એટલે પ્રકાશમાં રત જેની ગણના આજે વિશ્રવા દેશોમાં થઇ રહી છે.

વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ જણાવ્યું હતું કે દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ગુજરાતના વિદ્યાર્થીઓને વિશ્વમાં સ્પર્ધા કરે તેવા સક્ષમ બનાવવા નું આયોજન કર્યુ જેને આ સરકારે સફળતા અપાવી છે. અધ્યક્ષ રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ ઉમેર્યુ હતું કે સરકારે છેવાડના માનવીનો વિકાસ થાય તે દિશામાં શાસનમાં ટેકનોલોજી ના વિનિયોગ યોજનાઓ ના લાભો પહોંચાડવાનું આયોજન કર્યુ છે.આ ઉપરાંત ટેકનોલોજી આધારિત શિક્ષણ સુલભ અને સરળ બનાવવા અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. તેમણે ઉમેર્યુ હતું કે ગુજરાતનું નામ વૈશ્વિક ફલકે પ્રસરે તે હેતુથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિત ધોળાવારી આજે રાજયની ઓળખ બની છે.રાષ્ટ્રમાં આગામી ૧૫૦૦ વર્ષમાં વિકાસદર ૬૮ ટકા હતો જે ભારતની આર્થિક સમૃધ્ધી દર્શાવે છે. તેમણે ઉમેર્યુ હતું કે ભારતે હમેશાં લોકોને મદદ આપી છે કોરોનાના કપરા સમયમાં વિવિધ દેશેનો વેક્સીન આપી માનવતાનું ઉત્તમ કામ કર્યુ છે.

## જન્મદિને વધામણી


નવ્ય પ્રકાશકુમાર પટેલ
બાયડ, જિ.અરવલ્લી


નિશિ પ્રકાશકુમાર પટેલ
બાયડ, જિ.અરવલ્લી


પ્રિતેષ કે. પટેલ
(અર્બુદા પાર્લર)
આકરૂન્દ, તા.ધનસુરા


જશુભાઈ છગનભાઈ પટેલ
(નિવૃત્ત હેડકલાર્ક)
(ઘનશ્યામનગર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી


નિકુંજ એમ. પંડ્યા
(કોટીયર્ક સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી


તેજવંત સેવક, પત્રકાર
પાંડવા, તા.બાલાસિનોર


કમલેશ પંડ્યા
ડેમાઈ(અમદાવાદ)



ઘરમાં રહો, સુરક્ષિત રહો